Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
BALBIR AM/NS INDIA JSW MONNET JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રુઙ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈધરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદ
ઘૂંટણનો દુ:ખાવો
ઘૂંટણ ના ઘસારા Osteoarthritis
DTRT
ઉપનાહ સ્વેદન
લેપન
વેદ્યાગ્નિકર્મ
પંચકર્મ
EKLપંચકર્મ
પટ્ટબંધન
અગ્નિકર્મ
ક્ષારકર્મ
વેધનકર્મ (વિધ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo.: 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo.: 75748 61853

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવો સુદ બારસ બુધવાર ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૮૨

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

# ધાર્મિક આધારે વંદે માતરમ નહીં ગાવું એ અપરાધ નથી: સુપ્રીમ કોર્ટ

**સુપ્રીમ** કોર્ટનો ૧૯૮૬ના 'બિજોય ઇમેન્યુઅલ વિરુદ્ધ કેરળ રાજ્ય' કેસનો ચુકાદો નવા કાયદાને પણ લાગુ પડતો હોવાનો અભિપ્રાય

**ધાર્મિક** માન્યતાના આધારે વંદે માતરમ ગાવાનો ઇન્કાર કરનારને શિક્ષા થવી જોઇએ નહીં

### સોલીસીટર જનરલે નક્સલી શબ્દ વાપરતા અરજદારના વકીલ સાથે ઉગ્ર બોલાચાલી

સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતા અને ક્રિષ્નાના વકીલ સીનિયર એડવોકેટ ડો. એસ. મુરલીધર વચ્ચે તીખી બહેસ પણ થઈ. બંધારણ હેઠળ નિર્ણય લેવાની પ્રક્રિયા પર મુરલીધરની દલીલના જવાબમાં મહેતાએ 'નક્સલી' શબ્દનો ઉપયોગ કર્યો. મહેતાએ કહ્યું હતું કે કાયદાઓ નક્સલીઓના વિચારોના આધારે બનતા નથી. આની સામે મુરલીધરે કહ્યું કે તમે હમણાં જે શબ્દનો ઉપયોગ કર્યો છે, તેને પાછો ખેંચો. આ કાર્યવાહી લાઇવ ચાલી રહી છે. હું આનો સખત વિરોધ કરું છું. મહેતાએ કહ્યું કે મેં કહ્યું કે આ જ બંધારણીય રીત છે, નહીં કે તે રીત જે નક્સલી ઇચ્છે છે. મને આનો કોઈ અફસોસ નથી. આની સામે મુરલીધરે કહ્યું કે કોઈ બાબત પર વિચાર કરવો એ નક્સલી હોવા બરાબર નથી. આના પછી જસ્ટિસ બાગચીએ દરમ્યાનગીરી કરી હતી.

**નવી દિલ્હી, તા. ૨૨:** અંતરઆત્માના અવાજના આધારે 'વંદે માતરમ્' ગાવાનો ઈનકાર કરવા બદલ કોઈ વ્યક્તિને સજા થવી જોઈએ નહીં, તેમ મંગળવારે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને જણાવ્યું હતું. આ સાથે જ કોર્ટે ૧૯૮૬ના એ ચુકાદાને ધ્યાનમાં રાખવા કહ્યું હતું, જેમાં માન્યતાના આધારે રાષ્ટ્રગીત ગાવાની ના પાડનારા બાળકોને સુરક્ષા આપવામાં આવી હતી.

ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાંતની અધ્યક્ષતાવાળી બેંચ કર્ણાટકી સંગીતના ગાયક ટી. એમ. ક્રિષ્ના દ્વારા દાખલ કરવામાં આવેલી એક અરજી પર સુનાવણી કરી રહી હતી. આ અરજીમાં વંદે માતરમના તમામ છ કડીઓ ગાવાને ફરજિયાત બનાવતા કાયદાને પડકારવામાં આવ્યો છે અને દલીલ કરવામાં આવી છે કે તેની છેલ્લી ચાર પંક્તિઓમાં હિન્દુ દેવતાઓ પ્રતિ ભક્તિનું આહ્વાન કરે છે અને આ બાબત દેશના બિનસાંપ્રદાયિક સ્વરૂપનું ઉલ્લંઘન કરે છે. આ અરજી પર કેન્દ્ર સરકારનો જવાબ માંગતા, મુખ્ય ન્યાયાધીશ ઉપરાંત જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બનેલી બેંચે જણાવ્યું હતું કે તે અપેક્ષા રાખે છે કે સર્વોચ્ચ અદાલતના ૧૯૮૬ના 'બિજોય ઈમેન્યુઅલ વિરુદ્ધ કેરળ રાજ્ય' કેસના ચુકાદા દ્વારા સ્થાપિત સિદ્ધાંતો આ સુધારેલા કાયદામાં પણ લાગુ પડશે. આ કેસમાં ત્રણ બાળકોએ વંદે માતરમ ગીત ગાવાની ના પાડી હતી, જો કે તેઓ શિસ્તબધ્ધ રીતે ઉભા રહ્યા હતા. સુપ્રીમે તે સમયે તેમની સજા રદ કરી હતી. જો કે સુપ્રીમ કોર્ટે આ ગીતની બે પંક્તિઓ ગવાવી જોઈએ કે તમામ છ પંક્તિઓ તે નક્કી કરવાનું ટાળ્યું હતું.

એ કેસમાં, અદાલતે તે શાળાના બાળકોનું રક્ષણ કર્યું હતું જેમણે ધાર્મિક માન્યતાના આધારે આદરપૂર્વક રાષ્ટ્રગીત ગાવાનો ઈનકાર કર્યો હતો. જસ્ટિસ બાગચીએ કહ્યું, "રાષ્ટ્રીય ગાન કયું છે તે અંગે કોઈ વિવાદ નથી. લોકશાહી રાજ્ય માટે એ નક્કી કરવાનું છે કે રાષ્ટ્રીય ગાન કયું રહેશે–બે કડીઓ કે ચાર કડીઓ. પરંતુ જે વ્યક્તિને અનુચ્છેદ ૨૫ અને ૨૬ ના અધિકારો(ધાર્મિક સ્વતંત્રતાનો મૂળભૂત અધિકાર) નું ઉલ્લંઘન લાગતું હોય અથવા જે વિવેકબુદ્ધિથી વિરોધ કરનાર હોય, તેને શિક્ષાત્મક પરિણામો ભોગવવા ન પડે." સુધારેલી કલમ ૩ હેઠળ, જે પણ વ્યક્તિ રાષ્ટ્રગીત અથવા રાષ્ટ્રીય ગાન ગવાતું અટકાવે છે અથવા આવું ગાન ગાઈ રહેલી સભામાં ખલેલ પહોંચાડે છે, તેને ત્રણ વર્ષ સુધીની કેદ, અથવા દંડ, અથવા બંને સજાની જોગવાઈ છે.

**પહેલીવાર કેવડિયા ખાતે નેશનલ ફિલ્મ એવોર્ડ્સ સમારોહ યોજાયો**

# અનંત નાગને દાદાસાહેબ ફાળકે એવોર્ડ એનાયત

**રાષ્ટ્રપતિ** દ્રૌપદી મુર્મુના હસ્તે યામી ગૌતમ, મમુટી અને કાર્તિક આર્યનને શ્રેષ્ઠ અભિનેતાના એવોર્ડ એનાયત કરાયા, આર્ટિકલ 370 શ્રેષ્ઠ ફિલ્મ

**ફિલ્મ** 'મારણ'ને શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મનો રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો

**'ભંગાર'**ને શ્રેષ્ઠ નોન-ફીચર ફિલ્મ જાહેર કરવામાં આવી




**પીટીઆઇ, એકતા નગર, તા. 22:** ગુજરાતના નર્મદા જિલ્લામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાયેલા ભવ્ય સમારંભમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ભારતીય સિનેમાના સર્વોચ્ચ 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યા હતા. જેમાં કન્નડ સિનેમાના દિગ્ગજ અભિનેતા અનંત નાગને પ્રતિષ્ઠિત 'દાદાસાહેબ ફાળકે એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આદિત્ય સુહાસ જાંભાળે દિગ્દર્શિત હિન્દી ફિલ્મ 'આર્ટિકલ 370'ને શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો. આ ફિલ્મમાં શાનદાર અભિનય બદલ યામી ગૌતમને શ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. જ્યારે મલયાલમ ફિલ્મ 'ભ્રમયુગમ' માટે મમુટી અને હિન્દી ફિલ્મ 'ચંદુ

...અનુસંધાન પાના 11 પર

### 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારના મુખ્ય વિજેતાઓ

**દાદાસાહેબ ફાળકે એવોર્ડ:** અનંત નાગ (કન્નડ કલાકાર)
**શ્રેષ્ઠ ફીચર ફિલ્મ:** આર્ટિકલ 370 (દિગ્દર્શક: આદિત્ય સુહાસ જાંભાળે)
**શ્રેષ્ઠ અભિનેત્રી:** યામી ગૌતમ (ફિલ્મ: આર્ટિકલ 370)
**શ્રેષ્ઠ અભિનેતા:** મમુટી (ભ્રમયુગમ) અને કાર્તિક આર્યન (ચંદુ ચેમ્પિયન)
**શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મ:** મારણ (દિગ્દર્શક: અભિષેક જૈન)
**શ્રેષ્ઠ ડેબ્યૂ ડિરેક્ટર:** રણદીપ હૂડા (સ્વાતંત્ર્ય વીર સાવરકર)
શ્રેષ્ઠ સહાયક અભિનેતા: સંજય મિશ્રા (ભક્ષક)

### રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર હવે દેશના વિવિધ પ્રવાસન સ્થળોએ યોજાશે: કેન્દ્રીય મંત્રી

ગુજરાતના નર્મદા જિલ્લા સ્થિત એકતા નગરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી હતી કે હવેથી રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારંભો દિલ્હીને બદલે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા સૂચવવામાં આવેલા દેશના પ્રમુખ પ્રવાસન સ્થળો પર યોજાશે. મંત્રીએ રાજ્યોને શ્રેષ્ઠ પ્રવાસન સ્થળોના પ્રસ્તાવ મોકલવા આહ્વાન કર્યું હતું. વિરોધ પક્ષો દ્વારા સમારંભ સ્થળ બદલવા અંગે કરાયેલી ટીકાઓ સામે તેમણે સંકુચિત રાજકારણથી ઉપર ઉઠીને રાષ્ટ્રહિતને પ્રથમ પ્રાથમિકતા આપવા અપીલ કરી હતી.

## દિલ્હી ડાયરી

### દિલ્હીમાં એસઆઈઆર: વીઆઈપી નેતાઓ અને નોકરશાહોને પણ નોટિસો

રાષ્ટ્રીય રાજધાનીમાં મતદાર યાદીના ખાસ સઘન પુનરાવર્તન (એસઆઈઆર) અંતર્ગત વિસંગતતાઓ અને મેપિંગ ન હોવાને કારણે જે 33 લાખ લોકોને નોટિસો મળી છે તેમાં અનેક વર્તમાન અને પૂર્વ પ્રધાનો તેમ જ નોકરશાહો સામેલ છે. જેમાં ભારતના એક વર્તમાન ચૂંટણી કમિશનર ડો. સુખબીર સિંહ સંધુ, પૂર્વ નાયબ વડા પ્રધાન એલ. કે. અડવાણી, તેમની પુત્રી પ્રતિભા અડવાણી, વિદેશ મંત્રી ડો. એસ. જયશંકર, સીબીઆઈ ડાયરેક્ટર પ્રવીણ સૂદ, વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રી, સેબીના અધ્યક્ષ તુહિન કાંતા પાંડે અને વડા પ્રધાનના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર અજય કુમાર સૂદનો સમાવેશ થાય છે. આ બાબતમાં ચૂંટણી પંચના અધિકારીઓ તરફથી અનુભવી કાનૂની દિગ્ગજ અને રાજ્યસભાના સાંસદ કપિલ સિબ્બલને પણ નોટિસ મળી છે. અન્ય જેમને આવી નોટિસો મળી છે તેમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ પુણ્યા સલિલા, પૂર્વ આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી અને તેમના પત્ની, દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા,

...અનુસંધાન પાના 11 પર

# સાત દિવસમાં હોર્મુઝ ખોલવાની ઈરાનની તૈયારી: ઓઈલના ભાવ ગગડ્યા

**ઇરાને** કહ્યું કે જો અમેરિકા હોર્મુઝમાં લશ્કરી કામગીરી બંધ કરે તો એક સપ્તાહમાં તે આ સામુદ્રધૂનિ ખોલવા તૈયાર છે

**ઇરાનની** આ જાહેરાત પછી ક્રૂડ ઓઇલના ભાવ ઘટીને બેરલ દીઠ ૯૧ ડોલર થઇ ગયા

દુબઇ, તા. ૨૨: જો અમેરિકા તેનું લશ્કરી દબાણ હળવું કરવા માટે શરૂઆતી પગલાં ભરે તો ઈરાને આગામી સાત દિવસની અંદર હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલવાની ઓફર કરી છે. ઈરાન સરકારના એક વરિષ્ઠ અધિકારીએ મંગળવારે ક્યોડો ન્યૂઝને આ માહિતી આપી હતી.

આ પ્રસ્તાવ મધ્યસ્થીઓ દ્વારા અમેરિકાને મોકલવામાં આવ્યો છે, જેમાં બંને દેશો વચ્ચેની લડાઈનો કાયમી અંત લાવવાના ઉદ્દેશ્યથી નવી વાટાઘાટો કરવાની માંગ સામેલ છે. અહેવાલ મુજબ, તહેરાનની યોજના આ અઠવાડિયે ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (UNGA)ની બેઠકોનો ઉપયોગ મધ્યસ્થીમાં સામેલ દેશો સાથે જોડાવા માટે કરવાનો છે.

આ પહેલાં દિવસ દરમિયાન, અમેરિકા સાથે ચાલી રહેલા તણાવ અને તેમના પ્રતિનિધિમંડળના સભ્યો માટે વિઝા વિવાદ વચ્ચે ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશકિયાન 81મા UNGA સત્રમાં હાજરી આપવા માટે ન્યૂયોર્ક રવાના થયા હતા. પેઝેશકિયાન બુધવારે મહાસભાને સંબોધિત કરવાના છે અને સત્રની સાઇડલાઇન પર વિદેશી નેતાઓ અને અધિકારીઓ સાથે બેઠકો યોજે તેવી અપેક્ષા છે. ઈરાની અધિકારીએ આ બેઠકની સાઈડલાઈન પર પેઝેશકિયાન અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની મુલાકાતને નકારી કાઢી હતી. જો કે, તેમણે ઉમેર્યું હતું કે જો વોશિંગ્ટન ઈરાનના મતે પૂરતી ગંભીરતા અને પ્રતિબદ્ધતા દર્શાવે, તો રાજદ્વારી સ્તરે પ્રગતિ થઈ શકે છે. અધિકારીના જણાવ્યા અનુસાર, ઈરાન એવી ખાતરી ઈચ્છે છે કે યુએસ વાટાઘાટોમાં પાછા ફરવા, ઈરાની બંદરો પરની તેની લશ્કરી નાકાબંધી હળવી કરવા અને હોર્મુઝની સામુદ્રધુની સાથે જોડાયેલા સૈન્ય કામગીરી રોકવા તૈયાર છે. ઈરાન દ્વારા એક અઠવાડિયામાં આ વ્યૂહાત્મક જળમાર્ગ ફરીથી ખોલવાના તાજેતરના પ્રસ્તાવના અહેવાલો બાદ ક્રૂડ ઓઈલના ભાવ ઝડપથી ઘટીને બેરલ દીઠ 91 ડોલરની નીચે આવી ગયા હતા.

# રાજ્યસભાની 12 બેઠકો માટે 16 ઓક્ટોબરે ચૂંટણી

**ઉત્તર** પ્રદેશની 10 બેઠકો પૈકી ભાજપ 8 બેઠકો જાળવી રાખશે, સપાને 1 બેઠકનો ફાયદો થવાની શક્યતા

**બસપા** સંસદમાંથી 'આઉટ' થવાની અણી પર

પશ્ચિમ બંગાળમાં ભાજપને એક બેઠકનો ફાયદો થવાની આશા

પીટીઆઇ, નવી દિલ્હી, તા. 22: ચૂંટણી પંચે મંગળવારે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળની રાજ્યસભાની 12 બેઠકો માટે 16 ઓક્ટોબરે ચૂંટણી યોજવાની જાહેરાત કરી છે. આ ચૂંટણી સાથે ઉત્તર પ્રદેશમાં રાજકીય ગરમાવો આવી ગયો છે, જ્યાં ભાજપ 10માંથી 8 બેઠકો જાળવી રાખે અને સમાજવાદી પાર્ટીને એક બેઠકનો લાભ મળે તેવી શક્યતા છે.

પશ્ચિમ બંગાળની એકમાત્ર બેઠક મેળવીને રાજ્યસભામાં ભાજપનું સંખ્યાબળ એક વધી શકે છે. તૃણમૂલ કોંગ્રેસના અભિનેત્રી રુકમિણી મલિક (કોએલ)ના રાજીનામા બાદ આ બેઠક ખાલી પડી હતી.

ઉત્તર પ્રદેશમાં વિધાનસભાના વર્તમાન સંખ્યાબળ મુજબ ભાજપ પ્રેરિત ગઠબંધન 8 બેઠકો જાળવી રાખશે, જ્યારે સપા તેની બેઠકોની સંખ્યા વધારીને 2 કરી શકે છે. ઉત્તર પ્રદેશમાં એક ઉમેદવારને જીતવા માટે આશરે 37 મતોની જરૂર પડશે. ભાજપ ગઠબંધન પાસે 290 અને સપા-કોંગ્રેસ ગઠબંધન પાસે 103 ધારાસભ્યોનું બળ છે.

આ ચૂંટણી સાથે માયાવતીનો પક્ષ બસપા સંસદમાંથી સંપૂર્ણપણે બહાર થઈ જાય તેવી શક્યતા છે. બસપા પાસે લોકસભાનો એક પણ સભ્ય નથી અને તેના એકમાત્ર રાજ્યસભા સાંસદ રામજી ગૌતમની મુદત નવેમ્બરમાં પૂર્ણ થઈ રહી છે.

નિવૃત્ત થઈ રહેલા અન્ય અગ્રણી નેતાઓમાં કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરી, ભાજપના નેતાઓ અરુણ

...અનુસંધાન પાના 11 પર

# હલકી ગુણવત્તાના સ્માર્ટફોન સ્ક્રીન પ્રોટેક્ટર્સ પર સરકારે પ્રતિબંધ મૂક્યો

**સ્ક્રીન** પ્રોટેક્ટર્સની ગુણવત્તા અંગેના નવા નિયમો બહાર પાડ્યા, ૧ એપ્રિલ, ૨૦૨૭થી અમલી બનશે

નવી દિલ્હી, તા. ૨૨: ભારત સરકારે ગુણવત્તાના ધોરણો પૂરા ન કરતા નબળી ગુણવત્તાવાળા સ્માર્ટફોન સ્ક્રીન પ્રોટેક્ટરના વેચાણ પર રોક લગાવવા માટે નવા નિયમો બહાર પાડ્યા છે. આ નવા આદેશ હેઠળ, એપ્રિલ ૨૦૨૭થી તમામ સ્ક્રીન પ્રોટેક્ટર્સે નિર્ધારિત ભારતીય ધોરણોનું પાલન કરવું ફરજિયાત રહેશે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય દ્વારા સ્માર્ટફોન સ્ક્રીન પ્રોટેક્ટરને બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટેન્ડર્ડ્સ(BIS)ના ફરજિયાત નોંધણી માળખા હેઠળ લાવવામાં આવ્યા છે.

૨૧ સપ્ટેમ્બરના રોજ જાહેર કરાયેલા નોટિફિકેશન અનુસાર, કેન્દ્ર સરકારે ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુઓ માટેના ફરજિયાત નોંધણી માળખામાં સ્માર્ટફોન માટેના સ્ક્રીન પ્રોટેક્ટરનો સમાવેશ કર્યો છે. ૧ એપ્રિલ, ૨૦૨૭થી ભારતમાં તમામ ઉત્પાદકો અને આયાતકારોએ પોતાના સ્ક્રીન પ્રોટેક્ટર ભારતમાં વેચતા પહેલાં BIS સ્ટાન્ડર્ડ IS 19348:2025 નું પાલન કરવું પડશે.

નવું IS 19348:2025 સ્ટાન્ડર્ડ કાચના સ્ક્રીન પ્રોટેક્ટર માટે ગુણવત્તા અને પરીક્ષણ સંબંધિત જરૂરી નિયમો નક્કી કરે છે. આમાં કાચની ગુણવત્તા જેમાં સાઈઝ/કદ, કાચની મજબૂતી અને સપાટીની ગુણવત્તા સંબંધિત શરતો. લાઈટ ટ્રાન્સમિશનના નિયમો વધારાની સુવિધાઓ જેવી કે એડહેસિવ, એન્ટી-શેટર ફિલ્મ, આંગળીના ડાઘ ન પડે તે માટેની વ્યવસ્થા, એન્ટી-ગ્લેર, બ્લુ-લાઈટ ફિલ્ટરિંગ અને પ્રાઈવસી ફિલ્મ અંગેના નિયમોનો સમાવેશ થાય છે. પેકેજિંગ પર ઉત્પાદકનું નામ, બેચ નંબર અને જાડાઈ જેવી મહત્વપૂર્ણ માહિતી દર્શાવવી ફરજિયાત રહેશે. ગ્રાહકો માટે આ નવા નિયમોનો અર્થ એ છે કે તેમને બજારમાં વધુ સારી ગુણવત્તા ધરાવતા સ્માર્ટફોન સ્ક્રીન પ્રોટેક્ટર મળશે. જો કે અનુપાલનના કારણે ખર્ચ વધવાથી સ્ક્રીન પ્રોટેક્ટર્સના ભાવ વધી શકે છે. તેથી સરકારે તમામ સ્માર્ટફોન સ્ક્રીન પ્રોટેક્ટર પર પ્રતિબંધ મૂક્યો નથી. પરંતુ આ કેટેગરીને ફરજિયાત નોંધણી હેઠળ લાવીને ૧ એપ્રિલ, ૨૦૨૭થી નવા નિયમોનું પાલન કરવું ફરજિયાત બનાવ્યું છે.

# રૂ.૩૫ની સબસિડી છતાં દેશમાં કાંદાના ઉંચા ભાવો યથાવત

**બફર** સ્ટોકમાંથી ડુંગળી છૂટી કરીને સરકારે પસંદગીના મોટા શહેરોમાં રૂ. ૩૫ પ્રતિ કિલોના ભાવે વેચાણ શરૂ કર્યું છે

**સરકારના** આ પગલાં છતાં દિલ્હીમાં કાંદાનો ભાવ રૂ. ૫૩ અને મુંબઇમાં ૫૮: સરકારના આ આંકડા કરતા પણ અનેક સ્થળે ખરેખરા ભાવ ઓર ઉંચા

નવી દિલ્હી, તા. ૨૨(PTI): સરકાર દ્વારા પોતાના બફર સ્ટોકમાંથી રૂ. ૩૫ પ્રતિ કિલોના સબસિડીવાળા દરે રસોડાની આ મહત્વની વસ્તુ વેચવાના પગલાં છતાં, મંગળવારે દેશના મહાનગરોના છૂટક બજારોમાં ડુંગળીના ભાવ પ્રતિ કિલો રૂ. ૫૩ થી રૂ. ૬૦ ની વચ્ચે ઊંચા સ્તરે રહ્યા હતા.

ગ્રાહક બાબતોના મંત્રાલયના ડેટા અનુસાર, મહાનગરોમાં, દિલ્હીમાં ડુંગળી રૂ. ૫૩ પ્રતિ કિલો વેચાઈ હતી - જે મુંબઈના રૂ. ૫૮ પ્રતિ કિલો કરતાં થોડી ઓછી હતી - જ્યારે કોલકાતા અને ચેન્નાઈમાં સૌથી વધુ રૂ. ૬૦ પ્રતિ કિલોનો દર નોંધાયો હતો. ૨૨ સપ્ટેમ્બરે સમગ્ર ભારતમાં ડુંગળીનો સરેરાશ છૂટક ભાવ રૂ. ૫૪.૨ પ્રતિ કિલો રહ્યો હતો. તેનો મહત્તમ ભાવ રૂ. ૧૦૦ પ્રતિ કિલો નોંધાયો હતો, જ્યારે લઘુત્તમ ભાવ રૂ. ૨૯ પ્રતિ કિલો હતો. જો કે, ખાનગી વેપારના આંકડા દર્શાવે છે કે છૂટક ભાવ મંત્રાલયના આંકડા કરતાં નોંધપાત્ર રીતે વધુ ચાલી રહ્યા હતા. ઉદાહરણ તરીકે દિલ્હીમાં, રાષ્ટ્રીય રાજધાની માટે મંત્રાલય દ્વારા દર્શાવાયેલા રૂ. ૫૩ પ્રતિ કિલોના દર સામે, ગુણવત્તા અને વિસ્તાર મુજબ ડુંગળી રૂ. ૬૦-૭૦ પ્રતિ કિલોના દાયરામાં વેચાઈ હોવાના અહેવાલ હતા.

સરકાર દિલ્હી અને દેશભરના ૫૦થી વધુ અન્ય શહેરોમાં રૂ. ૩૫ પ્રતિ કિલોના સબસિડીવાળા દરે બફર સ્ટોકના વેચાણ દ્વારા સ્થાનિક પુરવઠો વધારી રહી છે. કેન્દ્ર સરકાર પોતાના નોડલ એજન્સીઓ NCCF અને Nafed દ્વારા વર્ષ ૨૦૨૬ માટે હાલમાં ૧.૨૧ લાખ ટન ડુંગળીનો બફર સ્ટોક ધરાવે છે. ભાવને નિયંત્રિત કરવાના છૂટક હસ્તક્ષેપના ભાગરૂપે, આ એજન્સીઓ સંગ્રહિત ડુંગળીને ઉત્પાદક રાજ્યોમાંથી વપરાશકર્તા કેન્દ્રો સુધી મોટા પ્રમાણમાં પહોંચાડી રહી છે -- પછી ભલે તે "કાંદા એક્સપ્રેસ" નામના સમર્પિત રેલ રેક દ્વારા હોય કે રોડ દ્વારા હોય. આ યોજના હેઠળ, પસંદગીના ભાવ-સંવેદનશીલ શહેરોમાં રૂ. ૩૫ પ્રતિ કિલોના સબસિડીવાળા દરે ડુંગળી વેચવામાં આવી રહી છે.

### તા. ૨૨-૦૯-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૬૬૨ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૫.૪ સે. | ૨૬.૨ સે. | ૬૧% |